# પશુપાલકોમાં રોષ : સાબરડેરી દ્વારા દાણના ભાવમાં બોરી દીઠ રૂ. ૭૫નો વધારો

## દૂધનો ભાવ ફેર આપી પશુપાલકોને ખુશ તો કર્યા પરંતુ હવે સાબર દાણમાં ભાવ વધારી લૂંટવાનું શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠાની ટોચની સહકારી સંસ્થા સાબરડેરી દ્વારા દૂધનો ભાવ ફેર આપી લાખો પશુપાલકોના દિલ જીત્યા પરંતુ ગત રવિવારથી સાબર દાણના ભાવમાં બોરી દીઠ રૂ.૭૫ નો તોતિંગ વધારો કરતાં પશુપાલકોમાં રોષ વ્યાપ્યો છે. પોષણક્ષમ દૂધના ભાવ મળતા નથી અને સાબરડેરી દ્વારા ઉત્પાદીત પશુ આહારના ભાવમાં વધારો કરી એક રીતે સાબરડેરીના સત્તાવાળાઓએ પશુપાલકોને લૂંટવાનું કારસ્તાન રચ્યાના લોક આક્ષેપ થઈ રહ્યા છે.

સાબરડેરીમાં સેવા કરવા માટે કોઈ આવતું નથી. માત્ર પોતાના મામકાઓને ઠેકાણે પાડવા અને પોતાના કામો કઢાવવા માટે જ ચૂંટાઈને આવતા હોવાના આક્ષેપ દાયકાઓથી જગજાહેર છે. એક તબક્કે સાબરડેરીના સત્તાધિશો સામે પશુપાલકોના હિત માટે લડાઈ લડી રહ્યા છીએ તેવો દેખાડો કરી મેદાનમાં ઉતરેલા કહેવાતા આગેવાનો સાબરડેરીના ભ્રષ્ટ સત્તાધિશોના ખોળામાં બેસી જતાં પશુપાલકોને હવે કોના ઉપર ભરોસો રાખવો તેવી અસમંજસ ઉભી થઈ છે. ગત મહિને સાબરડેરી દ્વારા દૂધનો ભાવફેર આપી સાઠંબા થી પોશીના વિસ્તારના ૩.૮૦ લાખથી વધુ પશુપાલકોના દિલ જીતી લીધા. સાબરડેરીના ચેરમેન સહિત સત્તામંડળની વાહવાહી શરૂ થઈ અને ગણતરીના દિવસોમાં જ સાબરદાણની બોરી રૂ.૧૨૨૫માં મળતી હતી તેમાં રૂ.૭૫ નો વધારો કરી રૂ.૧૩૦૦ કરી નાખતાં પશુપાલકો સમસમી ઉઠ્યા છે. સાબરડેરી દ્વારા પશુપાલકો પાસેથી માત્ર રૂ.૨૮ થી ૩૧ ના ભાવે દૂધ ખરીદવામાં આવે છે અને માતબર નફો ખંખેરી દૂધનું વેચાણ કરે છે ત્યારે પશુપાલકોને યોગ્ય પોષણક્ષમ દૂધના ભાવ આપવાનું તો બાજુ ઉપર રહ્યું પરંતુ પશુઓની દૂધ ઉત્પાદન શક્તિ વધે તેવા પશુ આહારના ભાવમાં પાછલા બારણે વધારો કરી રાતો રાત પરીપત્ર કરી દેતાં બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના સહિતના વિસ્તારોના લાખો પશુપાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### સાબરદાણનો ભાવ વધારો પાછો ખેંચો : પશુપાલકો



સાબરડેરી દ્વારા રાતો રાત સાબરદાણની બોરી દીઠ રૂ.૭૫ નો ભાવ વધારો ઝીંકાયો છે. કોરોનાના કપરા કાળમાં ૧૫ મહિનાથી પશુપાલકો પાયમાલ થઈ ગયા છે. ત્યારે ભાવ વધારો કરી સાબરડેરીએ લાખો પશુપાલકોનો રોષ વહોરી લીધો છે આ સંજોગોમાં સાબરદાણનો ભાવ વધારો તાત્કાલિક પાછો ખેંચી લેવો જોઈએ તેવું બાયડ તાલુકાના અનેક પશુપાલકોએ જણાવ્યું છે.

# મોડાસા નગરપાલિકા વિસ્તારમાં ગટરના ઢાંકણો ચોરતી ટોળકી ઝડપાઈ

## નેત્રમ કમાન્ડો કંટ્રોલ રૂમની મદદથી મોડાસાના ડુગરવાડા ચાર રસ્તા નજીકથી ચોરીના મુદ્દામાલ સાથે પાંચ ઇસમોની ધરપકડ

હિંમતનગર તા.૧૩

અરવલ્લી એલસીબી પોલીસે નેત્રમ કમાન્ડો કંટ્રોલ રૂમની મદદથી મોડાસા નગરપાલિકા વિસ્તારમાં ગટરલાઈનના ચેમ્બરના ઢાંકણાંઓની ચોરીમાં સંડોવાયેલા પાંચ આરોપીઓને મોડાસાના ડુગરવાડા ચાર રસ્તા નજીકથી ઈકો ગાડી સહિત ચોરીમાં ગયેલ મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર અરવલ્લી એલસીબી પોલીસને મોડાસા નગરપાલિકા વિસ્તારમાં ગટરના ઢાંકણો ચોરતી ટોળકી દ્વારા ઈકો ગાડીનો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું જે અન્વયે એલસીબી પોલીસે નેત્રમ કમાન્ડ કંટ્રોલ રૂમની મદદથી ચોરીનો ભેદ ઉકેલી ચોરીમાં સંડોવાયેલા પાંચેય આરોપીઓને મોડાસાના ડુગરવાડા ચાર રસ્તા નજીક ઝડપી પાડ્યા હતા જેમાં ચોરીમાં ગયેલા મુદ્દામાલ ગટર લાઈનના ચેમ્બરના ઢાંકણો આરોપીઓએ ફરેડી મુકામે એક ભંગારીને વેચાણ આપ્યા હોવાની કબૂલાત કરતાં પોલીસે ભંગારી ની મુલાકાત લેતા તેણે ઢાંકણા ભક્તિમાં ઓગાળી લોખંડના ચોરસાઓઓ બનાવી દીધા હોવાનું સામે આવ્યું હતું જેને પગલે પોલીસે ચોરીના ગુનામાં વપરાયેલી ઈકો ગાડી કિં.રૂ. ૩ લાખ તથા મોબાઈલ નંગ-૫ કિં.રૂ. ૧૬૦૦૦/- તથા ભઠ્ઠીમાં ઓગાળેલા લોખંડના ચોરસા નંગ-૬ કિં.રૂ. ૩૭,૯૨૦/- મળી કુલ રૂ. ૩,૫૩,૯૨૦/- નો મુદ્દામાલ સાથે ચોરીમાં સંડોવાયેલા મોડાસાના પાંચેય આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### એસ.ટી. નિવૃત્ત કર્મચારી સંઘ આક્રમક

# ઉત્તર ગુજરાતના નિવૃત્ત કર્મચારીઓ માસિક પેન્શનની લડત આક્રમક બનાવશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

મોંઘવારી વધી રહી છે તેમ સરકારી કર્મચારીઓ વધુ ને વધુ આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે. ગુજરાત એસ.ટી. નિવૃત્ત કર્મચારી સંઘની તાજેતરમાં યોજાયેલી કારોબારી મીટીંગમાં માસિક પેન્શનની લડત આક્રમક બનાવવાનો નિર્ણય કરાયો છે. હાલ કેસ સુપ્રિમ કોર્ટમાં વિચારણાધિન છે જેથી અવસાન પામેલા નિવૃત્ત કર્મચારીઓની વિધવાઓને સંઘના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા જણાવ્યું છે. ઉત્તર ગુજરાતના અંદાજીત ૫૦૦૦થી વધુ નિવૃત્ત કર્મચારીઓ માસિક પેન્શનની લડતમાં પોતાનો વિજય થાય તેવી આશા રાખીને બેઠા છે.

**અવસાન પામેલા નિવૃત્ત કર્મચારીઓની વિધવાઓને સંઘના પ્રતિનિધિનો સંપર્ક કરવા જણાવ્યું**

એસ.ટી. નિગમના કર્મચારીઓ આજે પણ અનેક પડતર પ્રશ્નોથી વ્યથિત છે. કેટલાક કર્મચારીઓ આજે નહીં તો આવતી કાલે ન્યાય મળશે તેની રાહમાં મોતને ભેટ્યા પરંતુ અનેક પ્રશ્નોના ઉકેલ આવ્યા નથી. ગુજરાત એસ.ટી. નિવૃત્ત કર્મચારી સંઘની તાજેતરમાં યોજાયેલી કારોબારી મીટીંગમાં સરકારની પેન્શન નીતિ સામે આક્રોશ ઠાલવ્યો હતો. અત્યારે એસ.ટી. નિગમમાં નિવૃત્ત થતા કર્મચારીઓને માસિક રૂ.૩૦૦૦ અને કેટલાક કર્મચારીઓને માત્ર રૂ.૭૦૦ જેટલું આચમનરૂપ પેન્શનની રકમ મળે છે. જેથી નિવૃત્ત કર્મચારીઓ ઘરનું ગુજરાન ચલાવવાનું તો બાજુ પર રહ્યું પરંતુ પોતાનો બિમારીનો ખર્ચ પણ ઉપાડી શકતા નથી. આ અંગે સુપ્રિમ કોર્ટમાં વર્ષ-૨૦૧૮માં દાવો દાખલ કરવામાં આવ્યો હતો અને તેની વખતો વખતની મુદતો પછી દાવાનો નિકાલ અંતિમ તબક્કામાં છે. છેલ્લા ૩ વર્ષથી સુપ્રિમ કોર્ટમાં દાવો દાખલ કરેલો છે અને કેટલાક નિવૃત્ત કર્મચારીઓના અવસાન થયા હોવાથી તેમના ઘર સુધી પણ જાણકારી મળી રહે તે માટે અવસાન પામેલા નિવૃત્ત કર્મચારીઓની વિધવાઓને પોતાના વિસ્તારના સંઘના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

### લોકોની તરસ છીપાવનારાઓની વ્યથા

# ઉત્તર ગુજરાતના પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓ ૭મા પગારપંચના એરિયર્સ લાભથી વંચિત

## મુખ્યમંત્રીને પત્ર લખી ૧૯ મહિનાનું એરિયર્સ આપવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓની વ્યથા ભરચોમાસે સામે આવી છે. ઉત્તર ગુજરાત સહિત રાજ્યની પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓને કાયદેસરની તેમના હક્કની ચૂકવણીનું ૧૯ મહિનાનું એરિયર્સ અને મોંઘવારી ભથ્થું ન ચૂકવાતાં સમસમી ઉઠ્યા છે અને આ અંગે મુખ્ય મંત્રીને પત્ર લખી તાબડતોબ એરિયર્સ ચૂકવવાની માંગ થઈ છે. આ માંગમાં એન.સી.પી.એ ઝંપલાવતાં લાગે છે કે કર્મચારીઓનું એરિયર્સ ઘોંચમાં પડી શકે છે.

પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓને થતા અન્યાય સામે યુનિયન દ્વારા સરકારમાં રજૂઆત થતી આવી છે. કેટલાક પડતર પ્રશ્નોના ઉકેલ આવ્યા, કેટલાકના ઉકેલ આવ્યા નથી. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિત રાજ્યના ૩૩ જિલ્લામાં ફરજ બજાવતા સરકાર હસ્તકના પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓને વર્ષ-૨૦૧૬ થી કુલ-૧૯ માસના એરિયર્સની રકમ અને મોંઘવારી ભથ્થાની રકમનું ચૂકવણું ન થતાં કારમી મોંઘવારીમાં કર્મચારીઓને તેમના બાકી નિકળતા એરિયર્સની રકમ તાત્કાલિક ચૂકવવાની માંગ કરી છે. ૭મા પગારપંચના એરિયર્સનો લાભ આપવામાં કેમ ઠાગાઠૈયા થઈ રહ્યા છે તે જ કર્મચારીઓ અને તેમના પરિવારને સમજાતું નથી.

# લવ જેહાદની આશંકાના પગલે ઉત્તેજના : મોડાસાની બે પરણિત મહિલા ગુમ, હિન્દુ સંગઠન સક્રીય થયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

મોડાસાની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા પટેલ પરિવારની બે પરણિત મહિલાઓ એકાએક ગુમ થઈ જતાં સનસનાટી મચી ગઈ છે. મોડાસા ટાઉન પોલીસે જાણવા જોગ નોંધી છે. જ્યારે બે પરણિત મહિલાઓ ગુમ થયા પછી લવ જેહાદની આશંકાના પગલે ઉત્તેજના જોવા મળી. હિન્દુ સંગઠન સક્રીય થયાં છે અને મોડાસા ટાઉન પોલીસ સમક્ષ આ અંગે મૌખિક રજૂઆત થયાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

લવ જેહાદ મુદ્દે સરકાર પણ આક્રમક છે પરંતુ કેટલાક કિસ્સાઓમાં તેની ધારી અસર જોવા મળતી નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસાની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતી પરણિત મહિલાઓ તા.૧૧ જુલાઈના રોજ બજારમાં ખરીદી માટે જઈએ છીએ તેમ કહી રવાના થઈ હતી અને મોંડી રાત સુધી ઘરે પરત ન આવતાં શોધખોળ શરૂ થઈ જોગાનુજોગ બંન્ને મહિલાઓના પતિ પાર્ટનરશીપમાં ધંધો કરતા હતા જેથી બે મહિલાઓ ગુમ થવા બાબતે પણ પોલીસ અનેક થીયરી ઉપર તપાસ હાથ ધરી છે. જ્યારે બહાર આવતી વિગતો અનુસાર કોઈ વિધર્મી યુવાન પરણિતાનું અપહરણ કરી ગયો છે અને લવ જેહાદની આશંકા છે. જેના કારણે જિલ્લાના હિન્દુ સંગઠનોએ પટેલ પરિવારની બે મહિલાઓ ગુમ થયા પછી કોઈપણ ભોગે તેમને શોધી લાવવા માટે પોલીસ સમક્ષ રજૂઆત કરી છે. આવનારા દિવસોમાં આ મુદ્દે નવા-જૂનીની પણ સંભાવના છે.

### વિશ્વની સૌથી લાંબી જીભ

# બાયડમાં દુર્લભ કેમેલીયો ઝેલેનિકા કાચીંડો જોવા મળ્યો

## પર્યાવરણ પ્રેમી શિક્ષકે સુરક્ષિત સ્થળે છોડ્યો : ફેન થ્રોટેડ લીઝાર્ડ પછી હવે કેમેલીયો ઝેલેનિકા પ્રજાતિ આકર્ષણનું કેન્દ્ર





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

બાયડ તાલુકામાં વિરપ્પનો અને વન અધિકારીઓની મીલીભગતથી વૃક્ષછેદન પ્રવૃત્તિ ધમધમી રહી છે પરંતુ દુર્લભ પ્રજાતિના જીવ જોવા મળતાં પર્યાવરણ પ્રેમીઓ રોમાંચ અનુભવી રહ્યા છે. બાયડ તાલુકાના ડાભા નજીક કેમેલીયો ઝેલેનિકા પ્રજાતિનો કાચીંડો જોવા મળ્યો અને તેની ચાલ જોઈને કેટલાક પર્યાવરણ પ્રેમીઓ રોમાંચિત થયા તેની વિશેષતા એ છે કે વિશ્વની સૌથી પ્રખ્યાત જીભ, વિશ્વના સૌથી રંગીન પ્રાણીઓમાંની એકની છે. તેના શરીરના કદના સબંધમાં વિશ્વની સૌથી લાંબી જીભ ધરાવે છે. એક સેકંડના અપૂર્ણાંકમાં તે રબ્બર બેન્ડની જેમ શિકાર તરફ જીભ ફેંકીને તેને પકડીને ખેંચી શકે છે. ગુજરાતના ગીચ જંગલોમાં જોવા મળે છે. બાયડ તાલુકાના વાત્રક નદીના કોતરોમાં આવેલા જંગલમાં પણ તે જોવા મળ્યો છે. માર્ગ અકસ્માતમાં દુર્લભ પ્રજાતિનો કાચીંડો હોમાઈ ન જાય તે માટે પર્યાવરણ પ્રેમી શિક્ષક વિક્રમભાઈ પંચાલે કાચીંડાને સુરક્ષિત સ્થળે છોડી દીધો હતો.

પ્રદૂષણના કારણે અનેક પ્રકારની જીવસૃષ્ટી ઉપર ખતરો ઉભો થયો છે. વિશ્વ પર્યાવરણ દિવસ સહિત વન્ય જીવ સલામતી સપ્તાહની ઉજવણીના દેખાડા થાય છે. લાખો રૂપિયાના ખર્ચ કરવામાં આવે છે પરંતુ બીજા દિવસે બધું વિસારે પડી જાય છે. ત્યારે રાજ્ય સરકાર અને તેના વન વિભાગે કોઈપણ સ્થળે દુર્લભ પ્રજાતિના જીવ જોવા મળે તો તેના રક્ષણ માટે એન.જી.ઓ. સંસ્થાઓને અધિકાર આપવા જોઈએ. બાયડ તાલુકાના ડાભા વિસ્તારમાં મગર વસાહત હોવા છતાં યોગ્ય કાળજી રખાતી નથી જેના કારણે વાહનોની નીચે તેમજ ક્રૂર મિજાજી લોકો દ્વારા મગરની હત્યા થયાના કિસ્સા પણ સામે આવ્યા છે. એક મહિના અગાઉ બાયડમાં ફેન થ્રોટેડ લીઝાર્ડ પ્રજાતિનો કાચીંડો જોવા મળ્યો. એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલથી બાયડના પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચિત થયા હતા અને હવે ડાભા વિસ્તારમાં કેમેલીયો ઝેલેનિકા પ્રજાતિનો કાચીંડો જોવા મળ્યો તેને અત્યંત સુરક્ષિત સ્થળે મૂકવામાં આવ્યો છે.

# વરસાદની ખેંચ : ઉત્તર ગુજરાતના ૩ જિલ્લામાં ગત વર્ષ કરતાં સરેરાશ ઓછો વરસાદ

## અરવલ્લી જિલ્લામાં માત્ર ૧૦.૧૩ ટકા, સાબરકાંઠામાં ૧૪.૮૭ ટકા વરસાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

જુલાઈ મહિનાનો મધ્યાંતર આવ્યો, વરસાદની ચારેબાજુ ચાતક નજરે રાહ જોવાય છે. ઉત્તર ગુજરાતના ૫ પૈકી ૩ જિલ્લામાં ગત વર્ષ કરતાં સરેરાશ ઓછો વરસાદ નોંધાયો છે. ગત વર્ષે બનાસકાંઠા જિલ્લામાં તા.૧૩ જુલાઈ સુધીમાં માત્ર ૧૩.૦૨ ટકા વરસાદ નોંધાયો હતો જે આ વર્ષે ૫ ટકા વધીને ૧૮.૭૨ ટકા વરસાદ નોંધાયો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાં ઓછો વરસાદ છે. આગામી સપ્તાહમાં વરસાદની ઘટ સરભર થવાની આશા છે.

ચોમાસુ સારૂ જાય તો જ અર્થતંત્ર ઉપર તેની સારી અસર જોવા મળે. ગુજરાત અને ઉત્તર ગુજરાતની પ્રજા મોટાભાગે ખેતી અને પશુપાલનના વ્યવસાય ઉપર નિર્ભર હોય છે. ચોમાસુ સારૂ જાય તો જ ખેડૂતોનું આખું વર્ષ સારૂ જાય. સરકાર દ્વારા પોષણક્ષમ ભાવ આપવાની વખતો વખતની જાહેરાત અને અમલીકરણ પછી પણ વિષમ હવામાન તેમજ ખેતીમાં રોગચાળો વકરતાં ખેડુતોને ધાર્યું ઉત્પાદન મળતું નથી જેના કારણે ઉત્તર ગુજરાતનો ખેડૂત વધુ ને વધુ પાયમાલ થઈ રહ્યો છે. જુલાઈ મહિનાની ૧૩ તારીખ સુધીમાં ગત વર્ષે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સરેરાશ ૧૮.૪ ટકા વરસાદ નોંધાયો હતો. જે આ વર્ષે ૧૭.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે જિલ્લામાં સરેરાશ વરસાદની સરખામણી કરવામાં આવે તો અન્ય જિલ્લા કરતાં સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષ કરતાં ૮ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. સાબરકાંઠામાં ગત વર્ષ કરતાં ૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ઓછા વરસાદના કારણે અત્યારે બંન્ને જિલ્લામાં ખરીફ વાવેતર ઉપર સંકટ મંડરાયું છે.

### બાયડ-રડોદરા પટેલ સમાજનું ગૌરવ



બાયડના ચંદ્રેશભાઈ કે. પટેલ(ન્યુ પીપલ્સ હાઈસ્કુલ-બાયડ) અને ઉષાબેન પટેલ (ઉજળેશ્વર હાઈસ્કુલ)ની પુત્રી કુ.ભૂમિ પટેલે એમ.ડી.એસ. (માસ્ટર ઓફ ડેન્ટલ સર્જન)માં પ્રથમ વર્ગમાં ઉત્તિર્ણ થઈ બાયડ તેમજ રડોદરા આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

### દુઃખદ અવસાન



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

બાયડ : ધનસુરાના ભીખાભાઈ મનસુખલાલ દરજીનું નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું અને સૂતક તા.૧૯ જુલાઈ, સોમવારના રોજ તેમના નિવાસસ્થાન ધનસુરા ખાતે રાખેલ છે.

# ચોમાસુ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની શાળાઓમાં શેરી શિક્ષણ કેટલું સફળ રહેશે..??

## ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તો વધુ ફાયદો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા, અરવલ્લીની ૨૫૦૦ સરકારી પ્રા.શાળાઓમાં શેરી શિક્ષણ શરૂ થયું છે. પરંતુ હવે ચોમાસુ જામ્યું છે ત્યારે અનેક ઝૂંપડપટ્ટી વિસ્તાર તેમજ નિચાણવાળા વિસ્તારોમાં માત્ર અડધો ઈંચ વરસાદમાં પણ પાણી





ભરાઈ જાય છે. આ સંજોગોમાં શેરી શિક્ષણ સફળ રહેશે ખરૂં..?? શિક્ષકો પણ બાળકોને સારૂ શિક્ષણ આપવા માટે ઉત્સુક છે. કોરોનાના ભયંકર વાયરામાં પણ શિક્ષકોએ પોતાના જીવની પરવા કર્યા વગર શિક્ષણ કાર્ય કરાવ્યું છે ત્યારે ચોમાસાની સ્થિતિને ધ્યાને રાખી સવારથી ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તો વધુ ફાયદો થશે તેવું કેટલાક કેળવણીકારોએ જણાવ્યું છે.

આવતી કાલથી ધો.૧૨ના વિદ્યાર્થીઓનું શાળાઓમાં ૫૦ ટકા હાજરી સાથે શિક્ષણ કાર્ય શરૂ થવાનું છે. જેના કારણે શિક્ષકો, આચાર્યો અને શાળા સંચાલકોમાં પણ ખુશી જોવા મળી પરંતુ નિર્ણયોમાં અધૂરાપણું પણ જોવા મળ્યું. ટ્યુશન કલાસીસ ખોલવાની છૂટ આપવામાં આવી હોય તો ધો.૯ થી ૧૨ નું પ્રત્યક્ષ શિક્ષણ શાળામાં શરૂ કરવાની કેમ છૂટ ન આપી..?? તેનું મનોમંથન ચાલી રહ્યું છે. જ્યારે પ્રાથમિક શાળાઓમાં પણ ધો.૧ થી ૫ નાં બાળકો ઘરે અભ્યાસ કરવાના બદલે શાળામાં પહોંચી જાય છે અને શિક્ષકો તેમને તમારા ઘરે આવીને જ ભણાવવાનો છું તેમ કહી પરત મોકલતાં નિરાશ થઈ રહ્યા છે. પ્રા.શિક્ષકો દ્વારા શેરી શિક્ષણ શરૂ થયું છે પરંતુ ચોમાસા પછી અનેક વિસ્તારોમાં ગંદકી એટલી હદે વધી ગઈ છે કે ત્યાં બેસીને શિક્ષણ કાર્ય આપવું એટલે માંદગીને નિમંત્રણ આપવા બરાબર છે. આ સંજોગોમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ચોમાસાની વર્તમાન સ્થિતિ અને શેરી શિક્ષણ દરમ્યાન જોવા મળતી અસુવિધાને ધ્યાને લઈ શાળામાં જ ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ કાર્ય શરૂ કરવા બાબતે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. બરાબર ચોમાસુ જામશે એટલે શેરી શિક્ષણ પણ બંધ થઈ જશે. આ સંજોગોમાં ધો.૧ થી ૫ નાં બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે શાળામાં શિક્ષણકાર્ય શરૂ થાય તે સૌના હિતમાં છે.